# પ્રકરણ – ૫
# સંશોધન સારાંશ, તારણો, સૂચનો


| | | |
|---|---|---|
| 5.1 | પ્રસ્તાવના | 289 |
| 5.2 | સંશોધન સારાંશ | 290 |
| 5.3 | સંશોધનના તારણો | 291 |
| | 5.3.1 સામાન્ય માહિતી અંગેની ટકાવારીના તારણો | 291 |
| | 5.3.2 વ્યક્તિગત સામાજીક પરિવર્ત્યોના સંદર્ભમાં શિક્ષકોની આવેગિક બુદ્ધિને લગતા તારણો | 292 |
| | 5.3.3 વ્યક્તિગત સામાજીક પરિવર્ત્યોના સંદર્ભમાં શિક્ષકોના ભૂમિકા સંઘર્ષને લગતા તારણો | 294 |
| | 5.3.4 વ્યક્તિગત સામાજીક પરિવર્ત્યોના સંદર્ભમાં શિક્ષકોના કાર્યસંતોષને લગતા તારણો | 295 |
| | 5.3.5 શૈક્ષણિક સંસ્થામાં કાર્ય કરતા શિક્ષકોની આવેગિક બુદ્ધિ, ભૂમિકા સંઘર્ષ અને કાર્યસંતોષ વચ્ચેના સહસંબંધને લગતા તારણો | 296 |
| 5.4 | સંશોધનનું મહત્વ | 297 |
| 5.5 | સંશોધનની મર્યાદાઓ | 298 |
| 5.6 | ભવિષ્યના સંશોધન માટેના સૂચનો | 299 |

# પ્રકરણ – ૫
# સંશોધન સારાંશ, તારણો, સૂચનો

## 5.1 પ્રસ્તાવના

સંશોધન અહેવાલ લખાય નહી ત્યાં સુધી સંશોધન કાર્ય પુર્ણ થયેલાં ગણાય નહી. સંશોધન ગમે તેટલું ઉત્કૃષ્ટ કક્ષાનું હોય પરંતુ અન્ય સુધી એ પહોંચાડવામાં ન આવે તો તેનું ખાસ મહત્વ રહેતુ નથી. સંશોધન અહેવાલ મારફત વિગતોનું પ્રત્યાયન શકય બને છે. માટે જ સંશોધન અહેવાલ તૈયાર કરવાનું કાર્ય ઘણું જ અગત્યનું છે. સંશોધન અહેવાલ સંશોધનનું અંતિમ અને અતિ મહત્વનું સોપાન છે. Selltize, Wrightsman & Cook (1976)ના મતે સંશોધન અહેવાલનો હેતુ પોતાની જાત સાથે નહી પરંતુ વાચક વર્ગ સાથે પ્રત્યાયન કરવાનો છે. પોતાના સંશોધન કાર્યના પરિણામો અને તારણોનું પ્રત્યાયન કરી વિશાળ જ્ઞાનસાગરમાં ઉમેરો કરવો એ પણ સંશોધકની એક અગત્યની ફરજ છે. ઓછા સમયમાં વાચકને સમગ્ર અધ્યયન અંગેની માહિતી સંશોધન સારાંશ દ્વારા મળી રહે છે. સંશોધન પ્રક્રિયાના અંતિમ સોપાનમાં સંશોધક પોતાના સમગ્ર સંશોધનમાં સમાવિષ્ટ વિવિધ પાસાંઓનો સ્પષ્ટ અને ટુંકો ચિતાર સારાંશરૂપે આપે છે. સારાંશ લખવાથી જ સંશોધન અહેવાલ લેખનનો આશય સૌથી વધુ ચરિતાર્થ થાય છે. માટે આ પ્રકરણનું સંશોધન અહેવાલ લેખનમાં ઘણું જ મહત્વનું સ્થાન છે. સારાંશમાં સંશોધન સમસ્યાની સ્પષ્ટતા, સંશોધન પ્રક્રિયા, નિદર્શ પસંદગી, માહિતી એકત્રીકરણ અને આંકડાશાસ્ત્રીય પ્રયુક્તિઓનો ઉપયોગ વગેરે બાબતોને ખુબ જ ટૂંકમાં રજુ કરવામાં આવે છે. આ પ્રકરણમાં મુખ્યત્વે સંશોધનનાં તારણો તેના સૂચિતાર્થો અને ભાવિ સંશોધન માટેનાં માર્ગદર્શક સૂચનો પર સવિશેષ ભાર મુકવામાં આવે છે. માટે આ પ્રકરણનું પણ આગવું મહત્વ રહેલું છે.

પ્રસ્તુત અધ્યયનો હેતુ **શૈક્ષણિક સંસ્થામાં કાર્ય કરતા શિક્ષકોની આવેગિક બુદ્ધિ, ભુમિકા સંઘર્ષ અને કાર્યસંતોષ અંગેનો અભ્યાસ** કરવાનો હોવાથી તેમજ તેની સાથે કેટલાક વ્યક્તિગત પરિવર્ત્યો તેના ઉપર અસર કરે છે તે જાણવાનો હતો. સંશોધન એક જટિલ પ્રક્રિયા છે તેના વિશે માહિતી મેળવવી ખુબ જ મુશ્કેલ

છે. તેથી આ પ્રકરણમાં મુખ્યત્વે સારાંશ, તારણો, મર્યાદાઓ અને ભવિષ્યમાં સંશોધન માટેના સુચનો અને સુચિતાર્થો દર્શાવવામાં આવ્યા છે. ટુંકમાં સંશોધન ફળસ્વરૂપે પ્રાપ્ત થયેલા તારણો સમાજ સુધી પહોંચાડવાનો મુખ્ય ઉદ્દેશ્ય રહેલો છે.

## 5.2 સંશોધન સારાંશ

શિક્ષણ કાર્ય એક ઔપચારિક, પડકારજનક અને મુશ્કેલ કાર્ય છે. આ ઉપરાંત તેના ઉપર અનેક પરિબળોની અસર થાય છે. આ સંદર્ભમાં શાળાના શિક્ષકોની આવેગિક બુદ્ધિ, ભુમિકા સંઘર્ષ અને કાર્યસંતોષનો અભ્યાસ કરવાનો હતો. અ બાબતને ધ્યાનમાં રાખીને નીચે મુજબની સંશોધન સમસ્યા લેવામાં આવી હતી.

**"શૈક્ષણિક સંસ્થામાં કાર્ય કરતા શિક્ષકોની આવેગિક બુદ્ધિ, ભુમિકા સંઘર્ષ અને કાર્યસંતોષ અંગેનો અભ્યાસ"**

**"The Comparative Study of Emotional Intelligence Role Conflict and Job Satisfaction of Teachers Working in Educational Institutions"**

પ્રસ્તુત અધ્યયનમાં રાજકોટ અને મોરબી જિલ્લામાંથી શિક્ષકોની જાતિ, રહેઠાણનો વિસ્તાર, શાળાનો પ્રકારને ધ્યાનમાં રાખીને 2 x 2 x 2 ફેકટોરીયલ ડિઝાઈન મુજબ 840 શિક્ષકોને સ્તરીકૃત યદચ્છ નિદર્શ દ્વારા પંદ કરવામાં આવ્યા હતા. જેમની પાસેથી આવેગિક બુદ્ધિ, ભુમિકા સંઘર્ષ, કાર્યસંતોષ વિશેની માહિતી મેળવવા માટે ડૉ. સુભદ્ર મંગલ રચિત, Teacher's Emotional Intelligence Inventory, ડૉ. પરિમલ પ્રસાદ અને એલ. આઈ. ભુષણ રચિત, Teacher's Role Conflict Inventory અને ડૉ. મીરા દિક્ષીત દ્વારા રચિત Job Satisfaction Scaleનો ઉપયોગ કરવામાં આવ્યો હતો. જુદી જુદી પ્રાથમિક અને માધ્યમિક, સરકારી, બિનસરકારી શાળાના શિક્ષકો પાસે રૂબરૂ મળી પ્રશ્નાવલીઓ પરથી તેમની પાસેથી માહિતી એકત્રિત કરવામાં આવી હતી.

ઉપરોત સ્તરીકૃત યદચ્છ નિદર્શનની રીતે પસંદ કરાયેલ શિક્ષકોની માહિતીનું ગુણાંકન કર્યા બાદ ANOVA, t-test, કાર્લપિયરસન r, આંશીક સહસંબંધની પ્રયુક્તિઓનો ઉપયોગ કરી પ્રાપ્ત થયેલ માહિતીની પરિણામ ચર્ચા અને અર્થઘટન

કરવામાં આવ્યુ હતું અને અંતમાં પ્રાપ્ત થયેલ તારણોની રજુઆત કરવામાં આવી જે તારણો નીચ મુજબ છે.

## 5.3 સંશોધનના તારણો

પ્રસ્તુત સંશોધનમાં પ્રાપ્ત થયેલ પરિણામોને આધારે નીચે પ્રમાણે તારણો તારવવામાં આવ્યા છે.

### 5.3.1 સામાન્ય માહિતી અંગેની ટકાવારીના તારણો

શૈક્ષણિક સંસ્થામાં કાર્ય કરતા શિક્ષકોની આવેગિક બુદ્ધિ, ભુમિકા સંઘર્ષ અને કાર્યસંતોષના સામાન્ય માહિતીના તારણો નીચે મુજબ રજુ કરવામાં આવ્યા છે.

**(i) જાતિ**

શિક્ષકોના કુલ 840ના નિદર્શમાં 50% એટલે કે 420 સ્ત્રીઓ અને 420 પુરુષોનો સમાવેશ થાય છે.

**(ii) રહેઠાણનો વિસ્તાર**

શિક્ષકોના કુલ 840ના નિદર્શમાં 50% એટલે કે ગ્રામ્ય 420 અને શહેરી 420 શિક્ષકોનો સમાવેશ થાય છે.

**(iii) શાળાનો પ્રકાર**

શિક્ષકોના કુલ 840ના નિદર્શમાં 50% એટલે કે પ્રાથમિક 420 અને માધ્યમિક 420 શાળાના શિક્ષકોનો સમાવેશ થાય છે.

**(iv) ઉંમર**

શિક્ષકોના કુલ 840ના નિદર્શમાં 51.31 % એટલે કે 431 25 વર્ષથી ઓછી અને 48.69% એટલે કે 409 25 વર્ષથી વધુ ઉંમરના શિક્ષકોનો સમાવેશ થાય છે.

**(v) સંસ્થાનો પ્રકાર**

શિક્ષકોના કુલ 840ના નિદર્શમાં 50.71% એટલે કે 426 સરકારી સંસ્થાના શિક્ષકો અને 49.29 એટલે કે 414 બિનસરકારી સંસ્થામાં કાર્ય કરતા શિક્ષકોનો સમાવેશ થાય છે.

### (vi) શૈક્ષણિક લાયકાત

શિક્ષકોના કુલ 840 ના નિદર્શમાં 63.57% એટલે કે 534 ગ્રેજયુએશન, બી.એડ્. શિક્ષકો અને 36.43% એટલે કે 306 પી.ટી.સી. શૈક્ષણિક લાયકાત ધરાવતા શિક્ષકોનો સમાવેશ થાય છે.

### (vii) કુટુંબનો પ્રકાર

શિક્ષકોના કુલ 840ના નિદર્શમાં 48.45% એટલે કે 407 સંયુકત અને 51.55% એટલે કે 433 વિભકત કુટુંબના શિક્ષકોનો સમાવેશ થાય છે.

### (viii) શૈક્ષણિક અનુભવ

શિક્ષકોના કુલ 840ના નિદર્શમાં 52.86% એટલે કે 444 5 વર્ષ કરતા ઓછો અને 47.14% એટલે કે 396 5 વર્ષ કરતાં વધુ શૈક્ષણિક અનુભવ ધરાવતા શિક્ષકોનો સમાવેશ થયો હતો.

### (ix) લગ્નનો દરજ્જો

શિક્ષકોના કુલ 840ના નિદર્શમાં 51.90 એટલે કે 436 પરણિત અને 48.10% એટલે કે 404 અપરણિત શિક્ષકોનો સમાવેશ થયો હતો.

## 5.3.2 વ્યકિતગત સામાજીક પરિવર્ત્યોના સંદર્ભમાં શિક્ષકોની આવેગિક બુદ્ધિ (Emotional Intelligence)ને લગતાં તારણો

### 5.3.2.1 વિચરણ પૃથક્કરણને આધારે મેળવેલા તારણો

1. શૈક્ષણિક સંસ્થામાં કાર્ય કરતા પુરુષ શિક્ષકો કરતા સ્ત્રી શિક્ષકોની આવેગિક બુદ્ધિ વધુ છે.
2. શૈક્ષણિક સંસ્થામાં કાર્ય કરતા શહેરી વિસ્તારમાં રહેતા શિક્ષકો કરતા ગ્રામ્ય વિસ્તારમાં રહેતા શિક્ષકોની આવેગિક બુદ્ધિ વધુ છે.
3. શૈક્ષણિ સંસ્થામાં કાર્ય કરતા પ્રાથમિક શાળાના શિક્ષકો કરતાં માધ્યમિક શાળાનાં શિક્ષકોની આવેગિક બુદ્ધિ વધુ છે.

4. શૈક્ષણિક સંસ્થામાં કાર્ય કરતા શિક્ષકોની જાતિ અને રહેઠાણના વિસ્તાર વચ્ચે થતી આંતરક્રિયાની આવેગિક બુદ્ધિના પ્રાપ્તાંકો વચ્ચે સાર્થક તફાવત જોવા મળે છે.

5. શૈક્ષણિક સંસ્થામાં કાર્ય કરતા શિક્ષકોના રહેઠાણના વિસ્તાર અને શાળાના પ્રકાર વચ્ચે થતી આંતરક્રિયાની આવેગિક બુદ્ધિના પ્રાપ્તાંકો વચ્ચે સાર્થક તફાવત જોવા મળે છે.

6. શૈક્ષણિક સંસ્થામાં કાર્ય કરતા શિક્ષકોની જાતિ અને શાળાના પ્રકાર વચ્ચે થતી આંતરક્રિયાની આવેગિક બુદ્ધિના પ્રાપ્તાંક વચ્ચે સાર્થક તફાવત જોવા મળે છે.

7. શૈક્ષણિક સંસ્થામાં કાર્ય કરતા શિક્ષકોની જાતિ, રહેઠાણનો વિસ્તાર અને શાળાના પ્રકારની વચ્ચે થતી આંતરક્રિયાની આવેગિક બુદ્ધિના પ્રાપ્તાંકો વચ્ચે સાર્થક તફાવત જોવા મળે છે.

### 5.3.2.2 "t" કસોટીના આધારે મેળવેલા તારણો

8. 25 વર્ષથી વધુ ઉંમર ધરાવતા શિક્ષકો કરતા 25 વર્ષથી ઓછી ઉંમર ધરાવતા શિક્ષકોમાં આવેગિક બુદ્ધિ વધુ જોવા મળે છે.

9. બિનસરકારી સંસ્થામાં કામ કરતા શિક્ષકો કરતા સરકારી સંસ્થામાં કામ કરતા શિક્ષકોમાં આવેગિક બુદ્ધિ વધુ જોવા મળે છે.

10. P.T.C.ની શૈક્ષણિક લાયકાત ધરાવતા શિક્ષકો કરતા ગ્રેજયુએશન, બી.એડ્.ની શૈક્ષણિક લાયકાત ધરાવતા શિક્ષકોમાં આવેગિક બુદ્ધિ વધુ જોવા મળે છે.

11. સંયુક્ત કુટુંબમાં રહેતા શિક્ષકો કરતા વિભક્ત કુટુંબમાં રહેતા શિક્ષકોમાં આવેગિક બુદ્ધિ વધુ જોવા મળે છે.

12. 5 વર્ષ કરતા વધુ વ્યવસાય અનુભવ ધરાવતા શિક્ષકો કરતા 5 વર્ષ કરતા ઓછો અનુભવ ધરાવતા શિક્ષકોમાં આવેગિક બુદ્ધિ વધુ જોવા મળે છે.

13. અપરણિત શિક્ષકો કરતા પરણિત શિક્ષકોમાં આવેગિક બુદ્ધિ વધુ જોવા મળે છે.

### 5.3.3 વ્યક્તિગત સામાજીક પરિવર્ત્યોના સંદર્ભમાં શિક્ષકોના ભુમિકા સંઘર્ષ (Teacher's Role Conflict)ને લગતા તારણો

#### 5.3.3.1 વિચરણ પૃથક્કરણને આધારે મેળવેલા તારણો

14. શૈક્ષણિક સંસ્થામાં કાર્ય કરતા સ્ત્રી શિક્ષકો કરતા પુરુષ શિક્ષકોનો ભુમિકા સંઘર્ષ વધુ જોવા મળે છે.

15. શૈક્ષણિક સંસ્થામાં કાર્ય કરતાં શહેરી વિસ્તારમાં રહેતા શિક્ષકો કરતાં ગ્રામ્ય વિસ્તારમાં રહેતાં શિક્ષકોની ભુમિકા સંઘર્ષ વધુ જોવા મળે છે.

16. શૈક્ષણિક સંસ્થામાં કાર્ય કરતાં શિક્ષકોની શાળાના પ્રકારના સંદર્ભમાં ભુમિકા સંઘર્ષના પ્રાપ્તાંકો વચ્ચે સાર્થક તફાવત જોવા મળતો નથી.

17. શૈક્ષણિક સંસ્થામાં કાર્ય કરતાં શિક્ષકોની જાતિ અને રહેઠાણના વિસ્તાર વચ્ચે થતી આંતરક્રિયાની ભુમિકા સંઘર્ષના પ્રાપ્તાંકો વચ્ચે સાર્થક તફાવત જોવા મળે છે.

18. શૈક્ષણિક સંસ્થામાં કાર્ય કરતા શિક્ષકોના રહેઠાણના વિસ્તાર અને શાળાના પ્રકાર વચ્ચે થતી આંતરક્રિયાની ભુમિકા સંઘર્ષના પ્રાપ્તાંકો વચ્ચે સાર્થક તફાવત જોવા મળે છે.

19. શૈક્ષણિક સંસ્થામાં કાર્ય કરતાં શિક્ષકોની જાતિ અને શાળાના પ્રકાર વચ્ચે થતી આંતરક્રિયાની ભુમિકા સંઘર્ષના પ્રાપ્તાંકો વચ્ચે સાર્થક તફાવત જોવા મળે છે.

20. શૈક્ષણિક સંસ્થામાં કાર્ય કરતા શિક્ષકોની જાતિ, રહેઠાણના વિસ્તાર અને શાળાના પ્રકારની વચ્ચે થતી આંતરક્રિયાની ભુમિકા સંઘર્ષના પ્રાપ્તાંકો વચ્ચે સાર્થક તફાવત જોવા મળે છે.

#### 5.3.3.2 "t" કસોટીને આધારે મેળવેલા તારણો

21. શૈક્ષણિક સંસ્થામાં કાર્ય કરતા શિક્ષકોની ઉંમરના સંદર્ભમાં ભુમિકા સંઘર્ષના પ્રાપ્તાંકો વચ્ચે સાર્થક તફાવત નથી.

22. શૈક્ષણિક સંસ્થામાં કાર્ય કરતા શિક્ષકોના સંસ્થાના પ્રકારના સંદર્ભમાં ભુમિકા સંઘર્ષના પ્રાપ્તાંકો વચ્ચે સાર્થક તફાવત નથી.

23. P.T.C.ની શૈક્ષણિક લાયકાત ધરાવતાં શિક્ષકો કરતા ગ્રેજયુએશન, બી.એડ્.ની શૈક્ષણિક લાયકાત ધરાવતા શિક્ષકોમાં ભુમિકા સંઘર્ષ વધુ જોવા મળે છે.

24. સંયુકત કુટુંબમાં રહેતા શિક્ષકો કરતા વિભકત કુટુંબમાં રહેતા શિક્ષકોમાં ભુમિકા સંઘર્ષ વધુ જોવા મળે છે.

25. 5 વર્ષ કરતા ઓછો અનુભવ ધરાવતા શિક્ષકો કરતા 5 વર્ષથી વધુ અનુભવ ધરાવતા શિક્ષકોની ભુમિકા સંઘર્ષ વધુ જોવા મળે છે.

26. શૈક્ષણિક સંસ્થામાં કાર્ય કરતા શિક્ષકોના લગ્નદરજ્જાના સંદર્ભમાં ભુમિકા સંઘર્ષના પ્રાપ્તાંકો વચ્ચે સાર્થક તફાવત જોવા મળતો નથી.

### 5.3.4 વ્યકિતગત સામાજીક પરિવર્ત્યોના સંદર્ભમાં શિક્ષકોના કાર્યસંતોષ (Job Satisfaction)ને લગતા તારણો

#### 5.3.4.1 વિચરણ પૃથક્કરણને આધારે મેળવેલા તારણો

27. શૈક્ષણિક સંસ્થામાં કાર્ય કરતા પુરુષ શિક્ષકો કરતા સ્ત્રી શિક્ષકોનો કાર્યસંતોષ વધુ છે.

28. શૈક્ષણિક સંસ્થામાં કાર્ય કરતા શહેરી વિસ્તારનાં શિક્ષકો કરતા ગ્રામ્ય વિસ્તારના શિક્ષકોનો કાર્યસંતોષ વધુ છે.

29. શૈક્ષણિક સંસ્થામાં કાર્ય કરતા શિક્ષકોની શાળાના પકારના સંદર્ભમાં કાર્યસંતોષના પ્રાપ્તાંકો વચ્ચે સાર્થક તફાવત નથી.

30. શૈક્ષણિક સંસ્થામાં કાર્ય કરતા શિક્ષકોની જાતિ અને રહેઠાણના વિસ્તાર વચ્ચે થતી આંતરક્રિયાના કાર્યસંતોષના પ્રાપ્તાંકો વચ્ચે સાર્થક તફાવત જોવા મળે છે.

31. શૈક્ષણિક સંસ્થામાં કાર્ય કરતા શિક્ષકોના રહેઠાણના વિસ્તાર અને શાળાના પ્રકાર વચ્ચે થતી આંતરક્રિયાની કાર્યસંતોષના પ્રાપ્તાંકો વચ્ચે સાર્થક તફાવત જોવા મળે છે.

32. શૈક્ષણિક સંસ્થામાં કાર્ય કરતા શિક્ષકોની જાતિ અને શાળાના પ્રકાર વચ્ચે થતી આંતરક્રિયાની કાર્યસંતોષના પ્રાપ્તાંકો વચ્ચે સાર્થક તફાવત જોવા મળે છે.

33. શૈક્ષણિક સંસ્થામાં કાર્ય કરતા શિક્ષકોની જાતિ, રહેઠાણનો વિસ્તાર અને શાળાના પ્રકાર વચ્ચે થતી આંતરક્રિયાની કાર્યસંતોષના પ્રાપ્તાંકો વચ્ચે સાર્થક તફાવત જોવા મળે છે.

### 5.3.4.2 "t" કસોટીને આધારે મેળવેલા તારણો

34. 25 વર્ષથી વધુ ઉંમરના શિક્ષકો કરતા 25 વર્ષથી ઓછી ઉંમરના શિક્ષકોનો કાર્યસંતોષ વધુ જોવા મળે છે.

35. સરકારી સંસ્થામાં કાર્ય કરતા શિક્ષકો કરતા બિનસરકારી સંસ્થામાં કાર્ય કરતા શિક્ષકોનો કાર્યસંતોષ વધુ જોવા મળે છે.

36. ગ્રેજયુએશન, બી.એડ્. કરેલા શિક્ષકો કરતા P.T.C. કરેલા શિક્ષકોનો કાર્યસંતોષ વધુ છે.

37. વિભકત કુટુંબમાં રહેતા શિક્ષકો કરતા સંયુકત કુટુંબમાં રહેતા શિક્ષકોનો કાર્યસંતોષ વધુ જોવા મળે છે.

38. શૈક્ષણિક સંસ્થામાં કાર્ય કરતા શિક્ષકોના વ્યવસાયિક અનુભવના સંદર્ભમાં કાર્યસંતોષના પ્રાપ્તાંકો વચ્ચે સાર્થક તફાવત જોવા મળતો નથી.

39. પરણિત શિક્ષકો કરતા અપરણિત શિક્ષકોનો કાર્યસંતોષ વધુ જોવા મળે છે.

### 5.3.5 શૈક્ષણિક સંસ્થામાં કાર્ય કરતા શિક્ષકોની આવેગિક બુદ્ધિ, ભુમિકાસંઘર્ષ અને કાર્યસંતોષ વચ્ચેના સહસંબંધને લગતા તારણો

40. શૈક્ષણિક સંસ્થામાં કાર્ય કરતાં શિક્ષકોની આવેગિક બુદ્ધિ અને ભૂમિકા સંઘર્ષ વચ્ચે નિષેધક સાર્થક સહસંબંધ જોવા મળે છે.

41. શૈક્ષણિક સંસ્થામાં કાર્ય કરતા શિક્ષકોના ભૂમિકાસંઘર્ષ અને કાર્યસંતોષ વચ્ચે નિષેધક સાધારણ સહસંબંધ જોવા મળે છે.

42. શૈક્ષણિક સંસ્થામાં કાર્ય કરતા શિક્ષકોની આવેગિક બુદ્ધિ અને કાર્યસંતોષ વચ્ચે વિધાયક સાધારણ સહસંબંધ જોવા મળે છે.

43. શૈક્ષણિક સંસ્થામાં કાર્ય કરતા શિક્ષકોના કાર્યસંતોષના પ્રાપ્તાંકો સ્થિર હોય ત્યારે આવેગિક બુદ્ધિ અને ભૂમિકા સંઘર્ષ વચ્ચે નિષેધક સાર્થક સહસંબંધ જોવા મળે છે.

44. શૈક્ષણિક સંસ્થામાં કાર્ય કરતા શિક્ષકોની આવેગિક બુદ્ધિના પ્રાપ્તાંકો સ્થિર હોય ત્યારે ભુમિકા સંઘર્ષ અને કાર્યસંતોષ વચ્ચે વિધાયક સાર્થક સહસંબંધ જોવા મળે છે.

45. શૈક્ષણિક સંસ્થામાં કાર્ય કરતા શિક્ષકોના ભુમિકા સંઘર્ષના પ્રાપ્તાંકો સ્થિર હોય ત્યારે આવેગિક બુદ્ધિ અને કાર્યસંતોષ વચ્ચે નિષેધક સાર્થક સહસંબંધ જોવા મળે છે.

## 5.4 સંશોધનનું મહત્ત્વ

પ્રસ્તુત સંશોધનનો હેતુ પ્રાથમિક અને માધ્યમિક, ગ્રામ્ય અને શહેરી વિસ્તારની શાળામાં કાર્ય કરતા શિક્ષકો પોતાની આવેગિક બુદ્ધિ દ્વારા પરિવર્તનશીલ કેળવણીના નવા પરિપ્રેક્ષ્યમાં નવા દષ્ટિબિંદુ લઈને અનુકૂળ થઈ પોતાના વ્યવસાયમાં સંતોષ પ્રાપ્ત કરી શકે અને તેમજ પોતાના જીવનના ભાવિ પડકારો સામે ઝઝૂમી શકે અને ટકી શકે તો જ તે પોતાના આસપાસના વાતાવરણમાં સમાયોજન સાધી તેમજ જીવનમાં ઓછામાં ઓછા સંઘર્ષ વિના જીવન જીવે અને ઉચિત શિક્ષણ પદ્ધતિ વિદ્યાર્થીઓને ઉચ્ચ શૈક્ષણિક સિદ્ધિ પ્રાપ્ત કરવા માટે સમર્થ અને સક્ષમ બનાવી શકે.

શિક્ષક પોતાના જીવનમાં ઉચ્ચ અને ગુણવત્તાયુકત શિક્ષણ આપવાની ધ્યેય સિદ્ધિ ત્યારે પ્રાપ્ત કરી શકે જયારે તે યોગ્ય અને વિશાળ વિચારસરણી ધરાવતો હોય. વર્તમાન પડકારોનો સામનો કરી પોતાના કાર્યમાં સંતોષ અનુભવી શકતો હોય.

ટૂંકમાં પ્રસ્તુત સંશોધનનો હેતુ શૈક્ષણિક સંસ્થામાં કાર્ય કરતા શિક્ષકોની આવેગિક બુદ્ધિ, ભૂમિકા સંઘર્ષ, કાર્યસંતોષ અંગેનો અભ્યાસ કરવાનો છે. જેની ઉપયોગીતા ટૂંકમાં નીચે મુજબ ગણાવી શકાય.

1. શિક્ષકોની આવેગિક બુદ્ધિનો ખ્યાલ મેળવી તેના પ્રમાણમાં વધારો કરવાના ઉપાયો મેળવે.
2. શિક્ષકોના ભૂમિકા સંઘર્ષને જાણી તેમને દૂર કરવાના સૂચનો આપવા.
3. શિક્ષકોને હંમેશા માટે તણાવમુકત કરી સ્વસ્થ રાખવા.
4. શૈક્ષણિક પદ્ધતિમાં જરૂરી ફેરફારો સૂચવવા.
5. શિક્ષકોને નવા પ્રવાહો અપનાવવા સક્ષમ બનાવવા માટે
6. શિક્ષકો પોતાના (સ્વ-જાગૃતતા, અંતર-વ્યવસ્થાપન, આંતર- વ્યવસ્થાપન, કાર્ય-વ્યવસ્થાપન) જેવી બાબતોમાં પોતાનું સ્વ-મૂલ્યાંકન કરી શકે.

## 5.5 સંશોધનની મર્યાદાઓ

ભૌતિક વિજ્ઞાનો વધુ ચોક્કસ હોય છે. જયારે સામાજિક અને વાર્તનિક વિજ્ઞાનના સંશોધનમાં ભૌતિક વિજ્ઞાનો જેટલી વસ્તુલક્ષી ચુસ્તતા શકય નથી. ભૌતિકવિજ્ઞાનના સંશોધનો જેટલી ચોક્કસતા સામાજિક-વાર્તનિક વિજ્ઞાનોમાં હોતી નથી. સંપુર્ણ મર્યાદા વગરનું સંશોધન ભાગ્યે જ સંભવી શકે આથી પ્રસ્તુત અધ્યયનમાં જે કેટલીક મર્યાદાઓ રહી જવા પામી હતી તેની રજુઆત આ પ્રમાણે કરવામાં આવી છે.

1. પ્રસ્તુત અધ્યયનમાં પસંદ કરાયેલો નિદર્શ માત્ર રાજકોટ અને મોરબી જિલ્લાના આસપાસના વિસ્તાર પુરતો સીમિત હતો. તેથી પ્રાપ્ત થયેલ પરિણામોનું સામાન્યકરણ થઈ શકે નહી.
2. માહિતી એકત્રીકરણ માટે ઉપયોગમાં લીધેલ આવેગિક બુદ્ધિ, ભુમિકાસંઘર્ષ અને કાર્યસંતોષ પ્રશ્નાવલી ઉપર તેમના ઘટકવાર જુદા જુદા ગુણાંકો પણ મળ્યા છે. પણ અહીં પ્રશ્નાવલી પર મળવા સમગ્ર અંકને ધ્યાનમાં લઈને અભ્યાસ કરવામાં આવ્યો છે. ઘટકના પ્રાપ્તાંકોને લક્ષમાં રાખીને આંકડાશાસ્ત્રીય પૃથક્કરણ કરેલ નથી.
3. પ્રસ્તુત સંશોધનમાં માહિતી એકત્રીકરણ માટે પ્રશ્નાવલી પદ્ધતિનો જ ઉપયોગ કરવામાં આવ્યો છે.

4. પ્રસ્તુત સંશોધનમાં નિદર્શ માત્ર 840 નો જ પસંદ કરવામાં આવેલ છે.

5. પ્રસ્તુત સંશોધનમાં માત્ર પ્રાથમિક અને માધ્યમિક શિક્ષકોને જ નિદર્શ તરીકે લેવામાં આવ્યા હતા.

## 5.6 ભવિષ્યના સંશોધન માટેના સુચનો

પ્રસ્તુત સંશોધનમાં શૈક્ષણિક સંસ્થામાં કાર્ય કરતા શિક્ષકોની આવેગિક બુદ્ધિ, ભુમિકાસંઘર્ષ અને કાર્યસંતોષ અંગેનો અભ્યાસ કરવાનો છે. પરંતુ કોઈપણ સંશોધન પુર્ણ હોતુ નથી. તેમાં કેટલીક મર્યાદાઓ રહી ગઈ છે. જેની પુર્તિ અન્ય સંશોધન દ્વારા થઈ શકે. આવી જ મર્યાદાઓ અને સમસ્યાઓનું પુનરાવર્તન ન થાય. તેના માટે પ્રસ્તુત અધ્યયનને આધારે નીચે સુચનો કરવામાં આવ્યા છે.

1. પ્રસ્તુત સંશોધન રાજકોટ અને મોરબી જિલ્લાના શહેરી અને ગ્રામ્ય વિસ્તારના શિાકોને પસંદ કરવામાં આવ્યા હતા. જેને બદલે અન્ય જિલ્લા કે સમગ્ર ગુજરાતનો અભ્યાસ હાથ ધરી શકાય.

2. આ અધ્યયનમાં ફકત પ્રાથમિક અને માધ્યમિક િશિક્ષકોને જ પસંદ કરવામાં આવ્યા છે. જેને બદલે કોલેજના લેકચરર કે ભવનોના પ્રોફેસરોને પસંદ કરી અભ્યાસ કરી શકાય.

3. અધ્યયનમાં વ્યકિતગત સામાજીક પરિવર્ત્યો સિવાયના અન્ય પરિવર્ત્યો જેવા કે આવક, કુટુંબમાં બાળકોની સંખ્યા, આર્થિક દરજ્જો, વગેરેનો અભ્યાસ કરી શકાય.

4. શિક્ષકોની આવેગિક બુદ્ધિ અને ભુમિકા સંઘર્ષની પ્રશ્નાવલી પર મળતા સમગ્ર અંકને ધ્યાનમાં લઈને અભ્યાસ કરવામાં આવ્યો છે. પ્રશ્નાવલીના ઘટકોના પ્રાપ્તાંકને લક્ષમાં રાખીને આંકડાશાસ્ત્રીય પૃથક્કરણ કરેલ નથી.

5. પ્રસ્તુત અભ્યાસમાં માહિતી એકત્રીકરણ માટે પ્રશ્નાવલી પદ્ધતિનો જ ઉપયોગ કરવામાં આવ્યો છે. જે અન્ય પદ્ધતિનો ઉપયોગ કરીને માહિતી મેળવી શકાય.

6. પ્રસ્તુત સંશોધનમાં શહેરી અને ગ્રામ્યને બદલે માત્ર શહેરી કે માત્ર ગ્રામ્ય શિક્ષકોને પસંદ કરી શકાય.

7. પ્રસ્તુત સંશોધનમાં 840 શિક્ષકોને પસંદ કરેલા તેનાથી વધુ મોટા નિદર્શ રાખી સંશોધન હાથ ધરી શકાય.

8. પ્રસ્તુત સંશોધન સમગ્ર દેશના અમુક રાજયોને આવરી લઈને સમષ્ટિ પસંદ કરવામાં આવે તો દેશના શિક્ષકો વિશે વધુ સારી રીતે અભ્યાસ કરી શકાય.

9. પ્રસ્તુત સંશોધન શિક્ષકોને બદલે શાળાના આચાર્યને લઈને અનેક વ્યક્તિગત સામાજીક પરિવર્ત્યનો અભ્યાસ કરી મહાનિબંધ રજુ કરી શકાય.

પ્રસ્તુત પ્રકરણમાં સંશોધનની ટૂંકી રૂપરેખા સંશોધન સારાંશ, તારણો, સંશોધનનું મહત્વ તેની મર્યાદાઓ અને ભાવિ સંશોધન માટેનાં સુચનોની વિગતવાર ચર્ચા કરી છે.

પ્રસ્તુત અભ્યાસ માત્ર રાજકોટ અને મોરબી જિલ્લાના ગ્રામ્ય અને શહેરી વિસ્તારની કેટલીક શાળાઓમાંથી નિદર્શ લઈને કરવામાં આવેલ હતો. તેથી પ્રસ્તુત સંશોધનનાં તારણો સમગ્ર સૌરાષ્ટ્ર અને સમગ્ર ગુજરાતનાં શિક્ષકોને લાગુ પાડી ન શકાય તેને ધ્યાનમાં રાખી. પ્રસ્તુત સંશોધનનાં તારણોનો ઉપયોગ કરવો જોઈએ.

# REFERENCES


- Arthur H. Brayfield & Herald F. Rothe. An Index of Job Satisfaction, Journal of Applied Psychology, 1951, 35(5), pp. 307-311.
- Arne L. Kalleberg, Work Values and Job Rewards A Theory of Job Satisfaction, American Sociological Review, 1977, 42(I), p. 126.
- Ahemed Jasim, Teacher's Job Satisfaction : Key to Educational Sucess. PTA Magazine, June-2007, pp. 5-8.
- Austin, E. J. Saklofser, D. H., Huang, S.H.S. & Mc Kenney D. (2004). Measurement of Trail Emotional Intelligence : Testing and Cross Validating a Modified Version of Schueed al's (1998), Masure Personality and Individual Difference, 36, 555-562.
- Bhoranyiya Jagjivan C. (2010). A Psychological Study of Emotional Maturity, Mental Health & Adjustment of Adolcent Staying in Orthan House. Ph.D. Thesis, Saurashtra University, Rajkot.
- Bar-on R. (2000). Emotional and Social Intelligence : Insight From the Emotional Quotient. in R. Bar-on & J.P.A. Parker (Eds.) The Handbook of Emotional Intelligence (pp. 363-388) San Francisco : Jossey-Bass.
- Bar-on R. (2006). The Bar-On Model of Emotional Social Intelligence (ESI), 13-25.
- Bhogle, Shalini (1971). Role Conflicts in Teachers. Indian Journal of Psychology, 46(4).
- Birmigham, J. A. (1985). Job Satisfaction and Burnout Among Minnesota Teachers. Dissertation Abstracts International, 45(8), 2318A.
- Buch, M. B. (Ed.) (1979). Second Survey of Research in education, New Delhi : 5, Chand & Copany Limited.
- Bullock, R. P. (1952). Social Factors Related to Job Satisfaction, Research Monograph, No. 70, Columbus : Ohio State University, Bureau of Business Research.
- C. V. Good, Dictionary of Education, Mcgaw Hill : New York, 1973.
- Dickinson, Gail Krepps (2000). Job Satisfaction and Teacher Union Membership, University of Verginia.

- Dr. Y. G. Singh, "Job satisfaction of Teacher Educator working in Self-Finance Teacher Education Institution" International Indexed & Referred Research Journal PP. 54 to 56.
- Dr. Arvind Jans, "A study on work stress and job satisfaction among Headmasters : A case study of Biliongual schools in sulatnate of oman. Mucat" Journal of sociological Research.
- D. M Pestonjee, Development of Psychometric Measures of job satisfaction, Research Reports, Ahmedabad: Indian Institute of Management, 1982.
- Daniel Golemen (1995). Working with emotional Intellignece, New York. Bantam Books.
- File //as/a-s/ emotional intelligence - wokipedia, the free encyclopeida.
- File /as/a-s/ history htm. History and definition of emotional intelligence.
- File //as/a-s/ Role conflict - wikipedia, the free encycolopedia.
- Gardner L. (2005). Emotional intelligence and occupational stress published Ph. D. thesis. University of Australia.
- Goleman D. (1998). Working with emotional Inteligence London : Bloomsbury.
- Gurmith singh (1999). A study of job satisfaction of Teacher educators in helation to their Attitude towards teachers. Volume 28, Issue-9 Pages 159-163.
- Hayashi A. (2005). emotional Intelligence and outdoor Leadership : Journal of Experiential Education.
- H. M. Kasinath (2008). Motivational correlates of emotional Intelligence of secodary Teainess : AJSS Vol.-7, No.1, pp-58-71.
- Harhitz. K. (1975). role of elementary school teachers. Dissertation Anstracts International, 4, 256-257.
- International refreed Research Journal 2011, pp. 66-67.
- Jean L. Mackechnic, (ed). Webster's New Twentioth century Dictionary. William Collions publishers. Inc. U.S.A.
- J. M. Brown & others. Applied psychology. New Delhi : Amerind Publishing Co. 1972.

- J. C. frnacis & G. Milbourn. Human Behaviour in the work environment : A managerial perspective. Santa monvea - california : Good year publishing Co. Inc. 1980.
- J.R.F. French & ohters. Conflict and co-operation in Indeustry. Journal of social Issue. 1946, No.1, pp. 2-5.
- Kothari C. R. (1998). "Reserch methodology methods and techniques" wishwa prakashan, New Delhi.
- Kyostion, O. K. (1968). a study of teacher role experctations, annales Academiac scientiarum fannical, 154(1), 246.
- Kumar, P. and Mutha, D. N. (1996). Teacher's job satisfaction questionnaire, Vallabh Vidhya Nagar: sarder Patel University.
- Ladani Paresh T. (2010). "A study of Emotional Intelligence and self-efficacy as the predictors of occpational stress and well-being among exectives" thesis Ph. D. saurashtra University.
- Laxmi r. Solanki (2011). M. Phil Dissertation in Psychology, Rajkot (Guj). Saurashtra University.
- Lavingia, K. U. (1979). A study of job satisfaction among school teachers. Ph. D. Edu. Guj. Univerity (1974). In M. B. Buch (ed) second survey of Research in education.New Delhi. S. Chand & Co. Ltd. P.438.
- Mehta Ramchandra B. (2010). "A study of Teaching competency, Professional commitment and emotional maturity of the student Teachers of the secondary teacher" thesis Ph. D. saurashtra university 28-31.
- Meimei ouyang and Kenneth Paprock, (2006). Job satisfaction texas A & M University.
- M. L. Blum. Industrial Psychology and Its social foundations. New Your : Harper and Row 1956.
- Mayer J. D. Salovey, P. & Caruso, D. R. (2004). Emotional : theory Findings and Inplications, Psychological Inquiry 15, 197-215.
- Manual for 'TEACHER'S ROLE CONFELICT INVENTORY" (IRCI), Dr. Pramila Prasad & Dr. L. I. bhushan, National psychological corporation (Agra) 282004 (India).
- Manu for "Teacher's emotional Intelligence Inventory (TEII). Dr. (Mrs.) Shubhra Mangal, national Psychological Corporation (Agra). 282004 (India).

- M. J. Shah. " Job satisfaction and motivation of Teachers of Public Education Institutions" International Journal of Business and Social Science PP.271-281.
- Pansuriya J. K. (2009). "A study of frustration, job satisfaction and Adjustment of schoole teachers" thesis Ph. D. Saurashtra University PP.15-99.
- Patthaik Surendra K. (1980). An exploratory study of Role conflict of teachers. Asian Journal of Psxchology and Education. 6(2) 12-16.
- Presse Norman J. and Bills Robert E. A. (1981). Compartson of role concepts between public and paroachils schools teachers. Psychology in the Schools 18(i) PP. 107-111.
- R. Hoppock. Job satisfaction. New Yourk: Harpr, 1935.
- R. W. Rice & others. standards of comparison and job satisfactio. Journal of Applied psychology 1989. 74(4) PP. 591-598.
- Rathod C. H. (2010). "A study of job satisfaction of vidhya sahayaks and full salaried Primary Teachers and Teachers Effectiveness in the conttect of Academic Achivement of their students.: thesis Ph. D. Saurashtra Univesity.
- Reseach Journal of social sceince (2011), PP-229-235.
- S. P. Gupta. A correlational study of Teacher's job satisfaction and their teacheing effectivens. The Progress of Education, 1995 PP-207-208.
- Salovey P. & Mayer . J. D. (1990). Emotional Intelligence, Imagination, cognitation and personality,, 9, 185-211.
- Spruha N. Vaidy. (2009). M. A. Dissertation in psychology Rajkot(Guj.): Saurashtra University.
- Sorbin t. R. (1954). Role theory in G. Lindey(Ed.) Handbook of social psychology, cambridge, massO Addison Wesley..
- Sellwood Michael J. (1976). Role perceptions : elementrary school Principlas and teachers. Dissertation Abstract Internationa, 37. 83-84.
- Solanki P. P. (2009). "A psychological study of job stress, job satisfactionand mental health of Defence employees" thesis Ph. D. Saurashtra University.
- V. H. Vroom. work and motivation, New yourk: John wiley and sons. Inc 1964.

- Vaishnav B. P. (2011). "A study of achievement motivation. job satisfaction and mental stress of shikshansahayak Teachers" thesis Saurashtra University.
- W. W. Rohan. Individual and Situational Variables Relating to job satisfaction, Journal of applied Psychology. 1970. 54(1). PP 7-30.
- Xuong Kiet Vuong. "A comparison of job satisfaction level betwen male and female faculty at the vietnam National University of Ho Chi minh City". Asian Journal of Humanities and social scienses PP10-20.
- ઉચાટ, ડી. એ. અને અન્ય, સંશોધન સંદોહન. રાજકોટ : શિક્ષણશાસ્ત્ર ભવન, સૌરાષ્ટ્ર યુનિવર્સિટી.
- ત્રિવેદી, એમ. ડી. અને પારેખ બી. યુ., શિક્ષણમાં આંકડાશાસ્ત્ર. અમદાવાદ : યુનિવર્સિટી ગ્રંથ નિર્માણ બોર્ડ, 1989.
- દેસાઈ, કે. જી. અને અન્ય., શૈક્ષણિક પરિભાષા અને વિભાવના. અમદાવાદ : યુનિવર્સિટી ગ્રંથ નિર્માણ બોર્ડ, 1984.
- શાહ, ગુણવંતભાઈ પી., પંડયા કુલીન, શૈક્ષણિક મનોવિજ્ઞાન. અમદાવાદ : યુનિવર્સિટી ગ્રંથ નિર્માણ બોર્ડ, 1983, P. 189.
- દેસાઈ તથા અન્ય. મનોવૈજ્ઞાનિક પરિભાષા અને વિભાવના. અમદાવાદ : યુનિવર્સિટી ગ્રંથ નિર્માણ બોર્ડ, ગુજરાત રાજ્ય, 1981.
- પારેખ, એસ. એન. અને દિક્ષિત એસ. કે., મનોવૈજ્ઞાનિક સંશોધનમાં આંકડાશાસ્ત્રીય પરિક્ષણ. જૂનાગઢ.
- પ્રો. વિમલ બી. શાહ, સંશોધન અહેવાલ લેખન. અમદાવાદ : યુનિવર્સિટી ગ્રંથ નિર્માણ બોર્ડ, ગુજરાત રાજ્ય, પ્રથમ આવૃત્તિ, 1973.
- ઉચાટ, ડી. એ. અને અન્યો, સંશોધન અહેવાલનું લેખન શી રીતે કરશો ? (પ્રથમ આવૃત્તિ). રાજકોટ : શિક્ષણશાસ્ત્ર ભવન, સૌરાષ્ટ્ર યુનિવર્સિટી, 1998.
- દસ્તુર, બી. એન. વર્કપ્લેસમાં ઈમોશનલ ઈન્ટેલિજન્સ પ્લીસ. રાજકોટ : પ્રવિણ પ્રકાશન, P. 7-49.
- શાળા સંચાલન અને વ્યવસ્થાપન (2008). અમદાવાદ : નીરવ પ્રકાશન.
- શિક્ષણની વિસ્તરતી ક્ષિતિજો (2007). અમદાવાદ : સી. જમનાદાસ પ્રકાશન.
- જરસાણીયા, જે. એ., પ્રાથમિક શિક્ષકો, માધ્યમિક શિક્ષકો અને કોલેજના શિક્ષકોની અસરકારકતા, વ્યવસાય મનોભાર, વ્યવસાય સામેલગીરી, વ્યવસાય સંતોષનો અભ્યાસ, અપ્રકાશિત મહાશોધ નિબંધ, સૌરાષ્ટ્ર યુનિવર્સિટી, રાજકોટ, 1999.